## સલામી સવારની..



**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સૂઝે છે કુબુદ્ધિ ત્યારે, ફળ કર્મોનાં પાકી જાય છે,*
*અહંનું મિસાઈલ, સૈન્ય-શક્તિ ને જ તાકી જાય છે!*
*થાકી જાય છે શ્વાસ 'હું કરું' ના ગાડાં નીચે ચાલીને -*
*ક્ષણિક 'મદ'નું વાદળ સૂર્ય પણ ઢાંકી જાય છે*

**હાઈકુ**

*વિના કરંટે,*
*કુદરતી ન્યાયના -*
*લાગે ઝટકા !*

*મારે ગૂલાંટો -*
*અહીં કોણ, કોનું છે ?*
*સત્તાના સગાં !*

### ચિંતન

**દોરી બાધી ભય ગયા, મન પાયા વિશ્રામ,**
**ચિત્ત ચૌંટા હરિ નામ સે, મિટ ગયા સબ કી કામ.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામં આવેલ છે.

શરીરરૂપી પતંગને ઈશ્વર સ્મરણરૂપી દોરી મળી ગઈ છે. અને મેં તેને પરમાત્મા સ્મરણરૂપી સજ્જડ વૃક્ષ સાથે બાંધી દીધી છે. આમ કહી કબીર પોતાની વાત કહે છે કે હવે મારો સઘળો ભય ચાલ્યો ગયો છે અને હું સાવ નિર્ભય થઈ ગયો છું. મારા મને અહીં તહીં ભટકવાનું છોડી દીધું છે. તેને સંપૂર્ણ વિશ્રામ મળ્યો છે. મન સ્થિર અને શાંત થતાં અને હરિસ્મરણમાં ચિત્ત લાગી જવાથી તમામ આશાઓ અને આકાંક્ષાઓ દૂર થઈ ગઈ છે. મારા સઘળાં મનોરથો અને કાર્યો સિદ્ધ થયા છે.

### સુવિચાર

- આપણે જીવન ખોયું જીવવામાં, હડાપણ ખોયું જ્ઞાનમાં અને જ્ઞાન ખોયું માહિતીમાં - **ટી.એ. ઈલીયેટ**
- જયારે હમાન થવાનાં સર્વ સાધનો ખૂટે ત્યારે માણસ પોતાના સંપ્રદાયમાં મોટો થવાનો પ્રયત્ન કરે છે - **દ્વિરેફ**
- આદર્શ જીવનની શરુઆત આપણે હાલ જયાં છીએ ત્યાંથી જ થવી જોઈએ. આદર્શ કાંઈ હવામાંથી નથી આવવાનો - **ચંદ્રકાન્ત બક્ષી**
- સહન ન થઈ શકે એટલી હદે આપણે જયારે દુ:ખી થઈએ છીએ ત્યારે આપણને પોતાના વિશેની સાચી અનુભૂતિ થાય છે - **ફ્રાંસ કાફ્કા**
- કોણ તમારી સાથે છે અને કોણ નથી એની ભાંગજડમાં પડ્યા વગર માત્ર એટલી કાળજી રાખો કે ભગવાન તમારી સાથે છે કે નહીં - **મુંબઈ સમાચાર**
- સંયમ એટલે પોતાની ઈન્દ્રિયો તથા અંત:કરણ ઉપર યોગ્ય કાબૂ - **નાનાભાઈ ભટ્ટ**
- આજનું ઔષધ : સરસવના તેલમાં મીઠું ઉમેરી માલીશ કરવાથી શુષ્ક ત્વચા મુલાયમ બને છે અને ખંજવાળ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

૧૯૯૪માં ભારતના રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્મા મસ્કતની સત્તાવાર મુલાકાતે ગયા હતા. ત્યારે એરપોર્ટ પર ત્રણ ઘટના બની જે આશ્ચર્યજનક હતી. એક કે ઓમાનના રાજા ખુદ કોઈ પણ મહાનુભાવને આવકારવા એરપોર્ટ પર જતા નથી પણ ડૉ. શર્માને આવકારવા એરપોર્ટ ગયા. બીજી કે, ડૉ. શર્માનું પ્લેન ઊભું રહ્યું અને દરવાજો ખુલ્યો તો રાજા ખુદ સીડી ચડીને વિમાનનાં દરવાજા સુધી ડૉ. શર્માને આવકારવા પહોંચ્યા અને વિમાનમાંથી હેતપૂર્વક ડૉ. શર્માનો હાથ પકડી લાધ્યા. અને ત્રીજી ઘટના કે રાજા ખુદ ડૉ. શર્માની ગાડીના ડ્રાઈવર બન્યા અને એમને ઉત્તારા સુધી હંકારી ગયા. આ ત્રણ આશ્ચર્યજનક ઘટનાથી સૌ પત્રકારોએ પૂછ્યું, 'રાજા એ પ્રોટોકોલનો ભંગ કર્યો અને આટલી બધી આગતા સ્વાગતા કરી તેનું કારણ શું ?' ઓમાનના રાજાએ જવાબ આપતા કહ્યું, 'હું આ બધા પ્રોટોકોલનો ભંગ કરી રહ્યો છું એનું કારણ એ નથી કે ડૉ. શર્મા ભારતના રાષ્ટ્રપતિ છે. પણ હું જયારે પૂના એમના હાથ નીચે ભણ્યો છું ત્યારે એમની પાસેથી ઘણી બધી વાતો શીખ્યો છું. તેઓ મારા પૂજય ગુરુ છે. આથી મારા ગુરુવંદનાના ભાગરૂપે મેં પ્રોટોકોલનો ભંગ કર્યો છે. તેઓ મારા ગુરુ છે.' પત્રકારને ઓમાનના રાજાની ગુરુભક્તિની વાત સમજાઈ.

# વિવિધ પડકારોની વચ્ચે પીએમની આગેકૂચ

**તંત્રીસ્થાનેથી...**

વરિષ્ઠ ભાજપ અગ્રણી અને માર્ગદર્શક મંડળના સભ્ય ડૉ. મુરલીમનોહર જોષીને એમની પરંપરાગત વારાણસી બેઠક પરથી ખસેડી કાનપુરની બેઠકના ઉમેદવાર બનાવાયા ત્યારે કચવાતા મને એ નિર્ણય માથે ચડાવનાર નેતા હવે પોતાની ઉપેક્ષાથી ગળે આવી ગયા છે. એમણે આ વખતે સ્વેચ્છાએ ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્ત થવાની જાહેરાત કરવાના હાઈકમાંડના સૂચનને ફગાવી દીધા પછી હમણાં પાર્ટીના સંસ્થાપક મોવડી અને પોતાની માફક જ ઉપેક્ષાનો ભોગ બનેલ લાલકૃષ્ણ અડવાણીને વરિષ્ઠો પ્રત્યેના વર્તમાન નેતાગીરીના કમનસીબ વલણ અંગે ફરિયાદ કરી છે. મુરલીમનોહર જોષીને સમાજવાદી પાર્ટીએ અને બહુજન સમાજ પાર્ટીએ કાનપુર સંસદીય બેઠક પરથી ઉમેદવારી કરાવવા સંકેતો આપ્યા હતા, પરંતુ પાર્ટીના સંસ્થાપક ત્રિપુટી પૈકીના એક હોઈ એમને એ ઑફર જતી કરી છે. અડવાણી સમક્ષ બળાપો વ્યક્ત કરનાર જોષી લખે છે : પહેલા ચરણના મતદાન પછી સ્પષ્ઠ છે કે ભાજપને માંડ આઠથી દસ બેઠકો મળી શકશે. અગાઉ આપણે મળ્યા ત્યારે આપ ભાજપને ૧૨૦ બેઠકો મળશે એવું ગણિત માંડતા હતા તે મને હવે સાચું પડતું લાગી રહ્યું છે. આગલી બેઠકોમાં તમે મને ચૂપ કરી દીધેલો, આગામી બેઠકમાં હું તમને ચૂપ કરી દઈ શકું; પરંતુ એથી જ આપણી દેશની પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતા નહીં જોખમાય ? - પાર્ટીના વરિષ્ઠ નેતાનો આ ઘૂંઘવાટ વર્તમાન નેતાગીરી વિરુદ્ધનો પુણ્યપ્રકોપ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ રાજનાથસિંહ પૂરતા કૂણા રહ્યા છે પરંતુ જૂના જોગીઓને એમને ઘરનો ખૂણો પકડાવી દીધો છે. ચૂંટણી પ્રચારનો સઘળો ભાર મોટી અને શાહ સંયુક્તપણે ઊંચકીને ફરે છે. આથી જય-પરાજયની જવાબદારી પણ સ્વાભાવિક રીતે એમના જ શિરે છે. શત્રુઘ્ન સિન્હા અને યશવંત સિન્હાએ ઉઘાડેછોગ બળવો કર્યો છે. આ તમામ પ્રતિકૂળતાઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાથીની ગતમાં ચાલે છે અને પાછળ ભસતાં કૂતરાંને હાથી નથી ગણકારતો એમ મુરલીમનોહર જોષી ફૂટી ગયેલી તોપના અવાજને ધરાર અવગણે છે. પરંતુ કોંગ્રેસ પાસે રાફેલ મુદ્દાને વધુ મજબૂત બનાવવા દસ્તાવેજો આવ્યા છે. અનિલ અંબાણીની કંપનીને ફ્રાંસની સરકારે ભારે કર રાહત આપી હોવાનું બહાર આવ્યું છે. વારાણસીની બેઠક પર ખુદ પ્રિયંકા ગાંધી ઉમેદવારી કરવાનું મન બનાવી રહ્યાં છે. જો પ્રિયંકાને વિપક્ષો સંયુક્ત ઉમેદવાર તરીકે સ્વીકારી ખરા દિલથી સહકાર આપે તો મોદી સામે તેઓ મોટો પકડાર બની ઊપસી શકે એમ છે. આ બધું થોડા જ દિવસોમાં સ્પષ્ટ થઈ જશે. અત્યારે તો ગઠબંધન મોદી દ્વારા યેનકેન પ્રકારેણ ચૂંટણી જીતી લેવાના પ્રયાસો સામે પૂરું જોર લગાવી રહ્યું છે. સામા પક્ષે મોદીએ એરસ્ટ્રાઈકથી લઈ હિંદુત્વ સુધીના મુદ્દાઓનો જયાં જેવી જરૂર લાગી ત્યાં બેફામ વાણી વિલાસપૂર્વક વિનિયોગ કર્યો છે. ચોકીદાર અને નામદાર કે કામધાર અને નામદારની પાદપૂર્તિવાળી આ ચૂંટણીમાં રાહુલ ગાંધી સોળે કળાએ ખીલી રહ્યા છે, અલબત્ત, એમની સામે પરિવારવાદ અને અદાલતી તપાસો સહિત ઘણા પ્રશ્નો છે જ. મોદીએ દેશના આ પ્રથમ પરિવારને અગાઉ કોઈ પણ નેતાએ ના પજવ્યો હોય એ હદે પજવીને લોકશાહીમાં કેટલી પ્રચંડ તાકાત છે એનો પરચો આપી દીધો છે. પરંતુ પ્રિયંકાનો પ્રતિસ્પર્ધી ઉમેદવાર તરીકે સામનો કરવાનો આવશે તો ચૂંટણી ઘણી રસપ્રદ બની રહેશે.

# વસીયત નામાના આધારે બીનખેડૂત ખેતીની જમીન મેળવી શકે નહિ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

આઝાદી પહેલા દેશમાં જુદા જુદા પ્રાંતમાં જુદી જુદી ખેતીની જમીનની પધ્ધતિ અમલમાં હતી જે મુજબ જમીનદારી, સામંતશાહિ, રૈયતવાદી, સમગ્ર જમીન ઉપર દેશી રજવાડાઓની માલીકી ગણાતી. રાજય માટે મહેસુલ એ મહત્વની આવક ગણાતી આવકનું સાધન જ જમીન મહેસુલ હતી. આવક એ ખેતી ઉપર આધારીત હતી. જમીનદારો ખેડૂતો પાસેથી આકરી રીતે જમીન મહેસુલ ઉઘરાવતા અને જમીન પણ રાજય સાત કરતા અચકાતા નહિ.

પહેલા ગુજરાત મહારાષ્ટ્ર પ્રાંતમાં હતુ બ્રીટીશ હકુમતમાં હાલના પાંચ જીલ્લાઓ હતા અને બાકીના જીલ્લા દેશી રજવાડામાં ગણાતા વડોદરા જીલ્લો પ્રગતિશીલ ગણવામાં આવતો જયારે ગોંડલ જીલ્લામાં સીધા ખેડૂતો પાસેથી જ વેરા ઉઘરાવવામાં આવતા જમીનદાર વચ્ચે આવતા નહિ. ગોંડલ રાજયમાં ખેડૂતોને પોતાની જમીનનો કબજા હક્ક આપવામાં આવેલો.

સ્વતંત્રતા મળ્યા પછી જમીન સુધારા (લેન્ડ રીફોર્મ) કાયદાઓ અમલમાં મુકાયા અને તેને બંધારણનો એક ભાગ ગણવામાં આવ્યો. ત્યારબાદ જમીન સુધારા અંતર્ગત મુંબઈ પ્રાંતમાં ગણોધારો ૧૯૪૮ અમલમાં આવ્યો અને ખેડૂત જે સંરક્ષીત ગણોતીયા હતા તેઓને ખેડે તેની જમીનના નિયમ મુજબ ખેડ હક્કથી માલીક હક્ક આપવામાં આવ્યા અને તે લગત કાયદામાં ખેડૂત કોને ગણવા તેની વ્યાખ્યા નક્કિ કરવામાં આવી તે મુજબ ખેડૂત એટલે ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિ જે વંશપરંપરાગત રીતે ખેતી કરનાર માણસોને પણ ખેડૂતની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવ્યો.

ગણોત કાયદાની કલમ ૨(૨), ૨(૬) માં જાત ખેતીની રીત તથા વ્યાખ્યા નક્કિ કરવામાં આવેલી અને જેમાં ખેતીની જમીન ધારણ કરનાર વ્યક્તિ ફકત ૮ કિ.મી. મર્યાદામાં ખેતીની જમીન ધારણ કરી શકે અને ૧૫ કિ.મી.ની મર્યાદામાં સુપરવીઝન હેઠળ ખેતી કરી શકે તેવી જોગવાઈ હતી જે શંકરસિંહબાપુની સરકારે પેરીફેરી નિયમ હટાવી દઈ રાજયનો ખેડૂત ગમે તે જીલ્લામાં ખેતીની જમીન ધારણ કરી શકે તેવી છુટછાટ આપવામાં આવી જેથી જમીનના ભાવો ઉચકાયા.

ખેતીની વ્યાખ્યા અને જાત ખેતીની જોગવાઈઓ ખેતી પ્રધાન દેશમાં ખેડૂતોને તેમના હક્કો આપવા દેશના અન્ન ઉત્પાદનમાં અને ખેતીની જમીન કે ઉપયોગમાં થાય અને દેશના અન્ન ક્ષેત્રે સ્વાવલંબી થાય અને ખેતીના વ્યવસાય સાથે જોડાયેલ વ્યક્તિઓને હક્કો મળે તે મુજબ ઉદ્દેશ હતો. આઝાદી બાદ ઉત્તમ ખેતી અને કનીસ્ક નોકરી ગણવામાં આવતી હાલમાં આ વ્યાખ્યા બદલાઈ ગઈ છે. મધ્યમ ખેતી ઉત્તમ નોકરી અને કનીસ્ક વેપાર ગણવામાં આવે છે.

દરેક રાજયમાં જમીનના લગતા અને જમીન સુધારણાને લગતા કાયદાઓ ઘડવાની સત્તાઓ છે. ૧૯૯૮ માં ગણોત ધારાની કલમ ૨(૨) અને ૨(૬) કે જે ૮ કિ.મી.ની મર્યાદામાં ખેતીની જમીન ધરાવવા માટે જે પ્રતિબંધ હતો તે દૂર કરેલ અને રાજયનો ખેડૂત ગમે તે જગ્યાએ ખેતીની જમીન ટોચ મર્યાદાની માત્રામાં જમીન ધારણ કરી શકે છે.

સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારમાં સૌરાષ્ટ્ર ઘરખેડ કાયદો લાગુ પડે છે કલમ ૫૪ અને ૫૬ મુજબ પરવાનગી લેવાની થાય છે. ખેતી હોવા અંગેની કસોટી ગણોત ધારા કલમ ૬૩ માં ખેડૂત સીવાયની કોઈ વ્યક્તિ ખેતીની જમીન ધારણ કરી શકતી નથી અને જો આવી વ્યક્તિ ખેતીની જમીન ખરીદ કરે તો ગણોત ધારા કલમ ૬૩,૬૫ ની જોગવાઈના ભંગ બદલ જમીન ગણોત ધારા કલમ ૮૪(સી) લગત રાજયસાત કરવામાં આવે છે.

જે વ્યક્તિ ખેડૂત ખાતેદાર બનવા ઈચ્છતી હોય તેણે નાયબ કલેકટરની પરવાનગી મેળવી વાર્ષીક આવક ૫૦૦૦ થી વધુ ના હોય તેવી જ વ્યક્તિ ખેડૂત ખાતેદાર થઈ શકે છે તથા આવી વ્યક્તિ ખેત મજુર કે ગણોતીયા તરીકે ખેતી કરવાનો અનુભવ ધરાવતો હોવો જોઈએ ખેતીની જમીન બીન ખેડૂતને ખરીદવા માટે પ્રતિબંધ લાદવાનું એક માત્ર કારણ કે મુળભૂત ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિનો ખેતી ઉપર જીવન નિર્વાહ થઈ શકે તથા બીનખેડૂત જમીન ખરીદે તો ઉપજ નિપજ ના લેતા ખેતીની આવક કૃષી ઉત્પાદનમાં ઘટાડો થઈ શકે જમીન બીન ખેડ પડી રહેવાની સંભાવનાઓ રહેલી છે જો બીન ખેતી ખેતીની જમીન ધારણ કરે તો વ્યવસાયીક કાર્યમાં જમીનનો ઉપયોગ કરે કુદરતી સંસાધનો નફાનું સાધન ના બને તે મુળભુત ઉદ્દશ રહે છે જેથી કાયદાની પરિભાષામાં ખેડૂત સીવાયની વ્યક્તિ ખેતીની જમીન કાયદેસર રીતે ધારણ કરી શકતી નથી.

વીલ હેઠળ પ્રાપ્ત થયેલ જમીનો મીલ્કત હસ્તાંતરણ અધિનિયમ મુજબ થયેલ છે પરંતુ વાસ્તવમાં મુળ તત્વો પ્રમાણે કોઈ વ્યક્તિ સ્વપાર્જીત મીલ્કત પોતાની સ્વસ્થ માનસીકતામાં સાક્ષીની હાજરીમાં વસીયતનામું કરી બીજી વ્યક્તિને આપી શકે છે.વીલ રજીસ્ટ્રર કરવું ફરજીયાત નથી પરંતુ ગણોત ધારા કાયદાની કલમ ૬૩ મુજબ બન્નેનું યોગ્ય અર્થઘટન જરૂરી છે કે જેના કારણે મહેસુલી કાર્ય પધ્ધતિમાં વીલના ઓથા હેઠળ સંખ્યાબંધ બીન ખેતી ખેડૂત ખાતેદાર બની બેઠા છે. વીલ ખોટી રીતે ઉપજાવી કાઢીને ત્રાહિત વ્યક્તિને બીન ખેડૂતને ખેડૂત કાયદેસર બનાવવાનો પ્રયત્ન માત્ર છે જે પ્રથમથીજ બીન કાયદેસર છે. આવી નોંધ પ્રમાણિત કરવા ના કરવાની સૂચના મામલતદારને કલેકટરશ્રી દ્વારા આપવામાં આવતી હોય છે અને આવી જમીન સરકાર હેડે દાખલ કરવાની સૂચના છે. આવી નોંધ એકવાર પ્રમાણિત થઈ ગઈ હોય તો પણ

અનુસંધાન પાના નં ૭ પર

# સામાન્ય માણસ તેજસ્વી તથા સામર્થ્યવાન બનશે તો જ લોકસત્તાનો પાયો મજબૂત થશે



**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

We come nearest to the great
when we are great
in humility.
આપણે મહાનતાની વધુમાં વધુ સમીપ
ત્યારે પહોંચીએ છીએ,
જયારે આપણી નમ્રતા મહાન બને છે.

**- રવીન્દ્રનાથ ઠાકુર (અનુ. નગીનદાસ પારેખ)**

દાદાનું પૂરું નામ શંકર ત્ર્યંબક ધર્માધિકારી. જન્મસ્થાન મધ્યપ્રદેશના બેતુલ જિલ્લામાં મૂળતાપી ગામ. તાપીના મૂળનો પ્રદેશ. ઋષિમુનિઓની તપસ્યાની ભૂમિ. તેમાં ધર્માધિકારી કુટુંબમાં જન્મ. વ્યવસાયે ધર્માધિકારી એટલે, ધર્મ, શાસ્ત્ર, પાંડિત્ય વગેરેના સંસ્કાર સહજ ગણી શકાય. દાદા વિદ્યાર્થી અવસ્થાથી જ સારા વક્તા તરીકે ખ્યાતનામ. કુટુંબ સંયુકત્ એટલું મોટું કે શ્રોતાગણ અને પ્રશંશકોની ખાસી મોટી ફોજ એમાંથી જ મળી રહે.

નાનપણમાં દાદાની વાક્પટુતાનું એક જુદું સ્વરુપ પણ હતું. કોઈના પણ બોલવાની નકલ એવી આબેહૂબ ઉતારે કે સાંભળનાર હસતાં હસતાં બેવડ વળી જાય. અને એમ દાદાની આજુબાજુ મધપૂડો જામે. હાઈસ્કૂલમાં કાળ દરમિયાન દાદાનું વકતૃત્વ પૂર બહારમાં આવી ગયું હતું. હાઈસ્કૂલકાળથી જ મધ્યપ્રદેશની વિદ્યાર્થી આલમના એ લાડલા નેતા બની ચૂક્યા હતા. ગામમાં સારે-માઠે પ્રસંગે સભાઓનું આયોજન થાય. બહારથી વક્તા બોલાવવામાં આવે, એમનાં ભાષણ થાય. પણ ઉપસંહાર કરવા દાદા ઉઠે - અને અચૂક રીતે એ અગાઉ થયેલાં ભાષણ કરતાં ચડિયાતું જ હોય - આ બધાં તત્ત્વો દાદાને નાનપણથી જ સહજ પ્રાપ્ત હતાં.

જેવું વકતૃત્વનું તેવું જ ભણવામાં. સૌને આશા હતી કે દાદા, તે વખતના આશાસ્પદ યુવકોની અભિપ્સિત આઈ.એ.એસ.ની પરીક્ષા આપશે. પિતાજી ન્યાયાધીશ, એટલે અપેક્ષા સાવ સ્વાભાવિક હતી. પરંતુ ૧૯૨૦માં બાપુના અહકારના આંદોલનના આવાહનને માન આપી કૉલેજ છોડી દાદા ટિળક વિદ્યાલયમાં માસિક ત્રીસ રૂપિયાના પગારે શિક્ષક તરીકે જોડાયા.

ધર્મપત્ની શ્રીમંત ખાનદાન ઘરાણાની એકની એક દીકરી. અને દાદાના ભર્યાભાદર્યા વિશાળ કુટુંબના ઉદાર અને મુક્ત મનના સંસકાર. સાથે સ્વેચ્છાએ વરણ કરેલી ગરીબી. વિચારો અને આદર્શોની દુનિયામાં જ વિહરતા દાદાને સંસાર કેમ ચાલે છે એનો અણસારેય શાનો હોય ? શાકભાજી લાવવા માટે આપેલા પૈસા પુસ્તક-ખરીદીમાં કે કોઈ જરૂરિયાતવાળા મિત્રની મદદમાં ખરચીને ન આવે તેની ખાતરી નહીં. સાવ મોકળા દરવાજાનું દિલ. વર્ધા રહેતા ત્યારે જમનાલાલ બજાનના પછી બીજા નંબરે મહેમાનોની ભીડ દાદાને ઘેર.

દાદાએ સ્વૈચ્છિક ગરીબી વરણ કરવા માટે સ્વૈચ્છિક અજ્ઞાનતા પણ સ્વીકારવાનો પૂરો પ્રયત્ન કર્યો. વિશાળ વાચનમાંથી આવતું વ્યાપક જ્ઞાન, વિષયની ઊંડી સમજ, મૌલિક ચિંતન અને વિદ્વતાના સુવર્ણમાં વકૃત્ત્વની સુગંધ, એની બહાર જ દાદાની મહત્તાની ચાડી ખાય. સ્વાતંત્ર્ય પૂર્વેનો કાળ એટલે એનાં આંદોલનો અને એમાંથી સહજ પ્રાપ્ત થતો રાજનીતિધર્મ, જેલવાસ અને આખા દેશના નેતાઓ સાથેનો પરિચય. રાજકારણની ઊંડી સૂઝ અને લોકપ્રિયતાએ રાજનીતિના ક્ષેત્રે અનેક ફરમાઈશો આણી. સરદારના મનમાં દાદા માટે મધ્યપ્રદેશનું મુખ્ય મંત્રીપદ્દુ ખરું. પણ દાદા તો વિધાનસભામાં જ જવા તૈયાર નહીં. બાપુ-વિનોબાના દબાણને વશ વિધાનસભામાં ગયા ત્યારે પણ શરત કરીને કે કોઈ પણ હોદ્દા નહીં સ્વીકારે. બંધારણ સભામાં ત્યારે જ જવાનું સ્વીકાર્યું જયારે બાપુએ થોડાક ગુસ્સા સાથે 'તો પછી તારી આ બુદ્ધિનો ઉપયોગ શું ?' - કહી ઠપકો આપ્યો.

વિનોબાના ભૂદાનયજ્ઞે આવીને દાદાને રાજદરબારમાંથી મુક્તિ અપાવી એમ કહી શકાય. વિનોબા સાતે જૂનો પરિચય હતો જ. સર્વોદયની માસિક પત્રિકા કાઢવાની વાત થઈ ત્યારે એનું સંપાદકત્વ વિનોભાએ એક શરતથી સ્વીકાર્યું : દાદા એના સહસંપાદક બને. દાદાએ એ કામ સર્વોત્તમ રીતે બજાવ્યું હતું. વિનોભા તેલંગાણાથી ભૂદાન યજ્ઞની માનવીય ક્રાંતિની જયોતિ લઈને મધ્યપ્રદેશ તરફ આવી રહ્યા હતા, ત્યારે દાદા પેણગંગાને તટે જઈને વિનોબાને જીવનમાં પહેલીવાર પગે પડ્યા, 'આપ દધીચિ બની ગયા છો, ઋષિપદ પામ્યા છો.' ત્યારથી માંડીન આજ સુધી દાદા ભૂદાન ગ્રામદાન સર્વોદય વિચારના જયોતિર્ધર બની દેશભરમાં ઘૂમતા રહ્યા છે. વિચારના પ્રકાશનમાં દાદાના ફાળાનો ઉલ્લેખ કરતાં વિનોબાને ગદ્ગદ થઈ જતાં સાથીઓએ જોયા છે.

વિચારની રજૂઆત દાદાની પોતાની લાક્ષણિક છે. ગાંધીવિચારના બે મહાન પ્રવક્તા આ યુગે જોયા. એક વિનોબા આને બીજા દાદા. વિનોબાની આમજનતાને સમજાય તેવી ભાષા. એની એક જબરદસ્ત અપીલ લોકચિત્ત પર થાય. દાદાની ઢબ તર્કપ્રધાન અને વૈજ્ઞાનિક. બુદ્ધિવાદીઓને સ્વીકાર્ય એવી શૈલીમાં નિરુત્તર કરી મૂકે એવા અકાટ્ય તર્ક સાથે વાતની રજૂઆત કયારેક મંત્રમુગ્ધ કરે.

ભૂદાનયજ્ઞ નિમિત્તે દેશભરમાં ફરીને દાદાએ ગાંધી-વિચાર પર વ્યાખ્યાનો આપ્યાં. ગાંધીવિચારના પ્રખર પ્રવક્તા બીજા જોયાજાણ્યા નથી. સળંગસૂત્ર વિષયબદ્ધ એમનાં ભાષણો સીધાં છાપવા આપી શકાય એટલાં ચોક્કસ અને સચોટ. પણ કયાંય સુધી દાદા પોતાની વાતોને પ્રકાશિત થતી રોકતા. એ આગ્રહ પણ છેવટે એમને છોડ્યો. એમનું સૌથી વ્યવસ્થિત પુસ્તક થયું હોય તો ગુજરાતીમાં 'વિચાર-ક્રાંતિ' અને હિંદીમાં 'સર્વોદય દર્શન.'

**- ચુનીલાલ વૈદ્ય**

શરીરની વરણાગીઓ પૂરી કરવામાં હું લગીરે કસર કરતો નથી. પરંતુ, સમજી વિચારીને જીવનનો જે માર્ગ મેં અપનાવ્યો છે. તેને જોતાં શરીરને બહુ આરામપ્રિય બનવા દેવાય તેમ નથી. પોતાની પથારી વ્યવસ્થિત ગોઠવી મૂકી દેવી, ધોતિયું, ઝભ્ભો, ટુવાલ, રૂમાલ અને ઠંડીના દિવસોમાં મોજાં ધોવાં, જોડાને પૉલિશ કરવું, વાસણ માંજવા વગેરે નાનાંમોટા કામોનો મને મહાવરો થઈ ગયો છે. અઠવાડિયામાં એક-બે વાર ઓઢવા - પાથરવાનાં કપડાં પણ ધોઈ લઉં છું. ધોબીને કપડાં આપવાં મને ગમતું નથી, વળી એટલું મારું ગજું પણ નથી. તેથી પગે ચાલવાનાં મારાં આનંદ અને શાન પણ હું છોડવા તૈયાર નથી. જીવનની જે મર્યાદાઓનો વિચારપૂર્વક સ્વીકાર કર્યો, તેની અંદર શરીર રહે એ મારો પ્રયત્ન રહે છે. ખાવી-પીવું વગેરે પર એ જ ગણતરીથી કાબુ રાખું છું. હા, દેહ-પીડન કયારેક નહીં કરું. પરંતુ એટલું ધ્યાન જરૂર રાખું છું કે એને જે સુખ આપવાનું મારું ગજું નથી તે સુખની એને આદત ન પડવી જોઈએ.

મારું જે સામાન્યત્વ છે તે સ્વૈચ્છાએ સ્વીકારાયેલું અને નભાવાયેલું છે, એ કોઈ લાચારીનું પરિણામ નથી. તેથી મારી દરિદ્રતામાં દીનતાનો છાંટો પણ નથી.વળી કોઈ સંસ્થા, સંપ્રદાય, હકૂતમ વગેરેની પદવી મારા વ્યક્તિત્વને ચોટેલી નથી; મારે માટે ગણતરી સામાન્ય માણસોમાં જ થવી જોઈએ. સામાન્ય માણસ તેજસ્વી તથા સામર્થ્યવાન બનશે તો જ લોકસત્તાનો પાયો મજબૂત નાખી શકાશે. બીજી કોઈ રીતે નહીં.

મારે મન મનુષ્યનો સ્નેહ અમૃતથીયે અદકો જીવનદાયી અને અણમોલ છે. એને પામવાનો મારો પ્રયત્ન હોય છે. અધમ અને અપરાધી વ્યક્તિને સ્નેહ પણ અધમ અથવા તરછોડવા યોગ્ય નથી. કેટલાક લોકોને સ્નેહ વિકાર અથવા બીજા કોઈ હેતુથી ખરડાયેલો હોય છે, પરંતુ એમના વિકાર અને સ્વાર્થીપણાનો દૃઢતાથી પ્રતિકાર કરવા કરતાં હું એમના સ્નેહનો સંગ્રહ કરવા પ્રયત્ન કરું છું. કોઈની પણ અશુભ મનોવૃત્તિ, દુષ્ટ પ્રવૃત્તિ અથવા દુષ્કર્મને ઉત્તેજન ન મળે એટલી સાવધાની હું મારા નિરપેક્ષ સ્નેહમાં રાખી શકું તો મારું કામ પૂરું થાય.

**- દાદા ધર્માધિકારી**

**Last Seen :**

(૧૯૫૪માં) શ્રી ટ્રૂમન મોટર રસ્તે આવતા હતા ને વચ્ચે કોઈ દુકાનમાં એમનાં પત્ની ખરીદી કરવા ઊતર્યાં, ત્યારે વસ્તુો ગાડીમાં મૂકવા આવનાર દુકાનવાળાએ ટ્રૂમન સામે આંગળી કરીને શ્રીમતી ટ્રૂમનને કહ્યું : 'આ માણસને મેં કયાંક જોયા નથી ?' શ્રીમતી ટ્રૂમને ફોડ પાડી. ટ્રૂમન (અમેરિકાના) પ્રમખ હતા. (૧૯૪૫-૫૩) ત્યારે તેમની છબીઓમાં છાપાંમાં પેલાના જોવામાં આવેલી.

મોટી પદવીઓ ભોગવનારાઓનો ભાર સામાન્ય જનની સ્મૃતિ આવી સહજ રીતે વહન કરે, એનું નામ સમાનતાનું વાતાવરણ.

**- ઉમાશંકર જોષી**

nehalgadhavi101@gmail.com

શરૂઆતમાં લગભગ મૂકપ્રેક્ષકની ભૂમિકામાં જોવા મળેલા ચૂંટણી પંચે મોડેમોડે ચીપિયો પછાડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિકને રિલીઝ કરવા સામે વાંધો લીધો અને નમો ટીવી પરની વાંધાજનક કંટેન્ટ હટાવવાના આદેશ આપ્યા.જોકે અગાઉ પંચે ભારતીય લશ્કર અને એરફોર્સના વિમાનચાલક અભિનંદનના ફોટા કે એરસ્ટ્રાઈક સહિતના મુદ્દે ચૂંટણી પ્રચાર કરવા પર બંધી ફરમાવી હતી,છતાં વડાપ્રધાન મોદી કે તેમના પ્રધાનો પ્રચારમાં એનો ઉપયોગ કરતા રહ્યા. ઉત્તરપ્રદેશના ભાજપી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તો હદ કરી. તેમણે ભારતીય લશ્કરને માટે "મોદી સેના" જેવો શબ્દપ્રયોગ કર્યો એટલે ક્યારેક લશ્કરી વડા રહેલા અને અત્યારે મોદી સરકારમાં રાજ્ય મંત્રી જનરલ વી.કે.સિંહે પણ એ સામે વિરોધ નોંધાવતાં યોગીના ઉચ્ચારણને વખોડ્યું. જોકે આ બધું ગણતરીપૂર્વક અને છટકબારી તરીકે ચાલતું હોવાનો અણસાર આવે છે. બેફામ નિવેદનો કરવાં અને માફી માગી લેવી એ પરંપરા બની ગઈ છે. લોકોને જે વાત પહોંચાડવી છે એ પહોંચાડાય છે. ચૂંટણી પંચ નોટિસ આપે કે ખુલાસો કરવા કહે, ઠપકો આપે અથવા તો બીજીવાર આવું ના કહેતા કે કરતા એવું કહીને જવા દે છે. જ્યાં સ્વયં વડાપ્રધાન મોદી સૈનિકો, શહીદો અને આતંકવાદને નામે પ્રચાર કરતા હોય ત્યારે ચૂંટણી પંચ માટે તેમની સામે પગલાં લેવાનું મુશ્કેલ બને છે,પછી બીજા નેતાઓ તો ગાંજે જ ક્યાંથી? જે તે મતવિસ્તારના ચૂંટણી અધિકારી કે જિલ્લા કલેકટર સત્તારૂઢ પક્ષના ધારાસભ્યોની સામે પગલાં લેતાં સંકોચ અનુભવતા હોય ત્યાં અન્ય ચૂંટણી અધિકારીઓ તો પગલાં લે એ અપેક્ષિત ગણી શકાય નહીં. આચારસંહિતાના ભંગની ફરિયાદો નોંધવામાં આવે તો પણ એ અંગે ઝાઝાં પગલાં લેવાતાં નથી.ચૂંટણી પંચ દાંત વગરનું કે નખ વિનાના વાઘની અવસ્થામાં હોય ત્યારે એનો પ્રભાવ પડે જ નહીં એ સ્વાભાવિક છે.હમણાં વડી અદાલતે દ્વારકાના ૭ વાર ચૂંટાયેલા ધારાસભ્ય પબુભા માણેકનું સભ્યપદ રદ કરતો ચુકાદો આપ્યો કે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વિધાનસભાના સભ્યપદને રદ કરાવવા અંગેનો ખટલો વડી અદાલતમાં ચાલી રહ્યો છે, એમાં ચૂંટણી અધિકારીઓની ભૂમિકા ટીકાસ્પદ બન્યાનું અનુભવાય છે.

આચારસંહિતા વૈધાનિક (સ્ટૅચ્યૂટરી) નથી

# ચૂંટણીપંચનો દંડૂકો અને આચારસંહિતાના અમલની અસર



**અતિતની આજ**

ડૉ. હરિ દેસાઈ

દાયકાઓથી દેશની ચૂંટણીઓ મુક્ત અને આદર્શ રીતે થાય એ માટે આદર્શ આચારસંહિતાનો અમલ કરવાના પ્રયાસો થતા રહ્યા હોવા છતાં આજ દિવસ સુધી ભારતની બંધારણીય સંસ્થા લેખાતા ચૂંટણી પંચ દ્વારા બહાર પડાતી આદર્શ આચારસંહિતાને ના તો કાયદાકીય અથવા તો ના બંધારણીય સ્વરૂપ પ્રાપ્ત થયું છે. રાજકીય પક્ષોની સંમતિથી અમલમાં લાવવામાં આવેલી મનાતી આચારસંહિતા અને સુપ્રીમ કૉર્ટના એક ચુકાદાને પગલે બહાર પડાતી માર્ગદર્શિકાના સમાવેશ સાથેના ૩૧૨ પાનાંના રૂપકડા દસ્તાવેજના નિર્દેશોનો અમલ કરવાનો વિવેક દાખવવાને બદલે મનસ્વી રીતે એનું ઉલ્લંઘન કરવાની વૃત્તિ-પ્રવૃત્તિ સવિશેષ જોવા મળે છે. ચૂંટણી પંચ આચારસંહિતાનું ઉલ્લંઘન કરે એ વ્યક્તિ કે પક્ષને નોટિસ આપીને ત્રણ દિવસમાં કે સાત દિવસમાં સ્પષ્ટતા કરવાનું ફરમાવે છે જરૂર, પણ એ પછી નક્કર કાર્યવાહી કરવા સુધીમાં તો બીજી ચૂંટણી પણ કદાચ આવી જાય. લોક પ્રતિનિધિ ધારા, ૧૯૫૧ હેઠળ નવી ચૂંટણી લગી કોઈ દંડાત્મક કાર્યવાહી ના થઈ હોય તેવું પણ બને. આ વર્ષે લોકસભાની ચૂંટણી માટેની આદર્શ આચારસંહિતા મુખ્ય ચૂંટણી આયુક્ત સુનીલ અરોડા અને અન્ય બે ચૂંટણી આયુક્તો અશોક લવાસા તથા સુશીલ ચન્દ્રાએ રૂપકડી નોંધ લખીને બહાર પાડી છે. એનો અમલ કરવામાં આવે તો ભારતીય લોકશાહીનું પર્વ કેટલું ઉજ્જવળ છે એની પ્રતીતિ થયા વિના રહે નહીં. વાસ્તવમાં આ જ દસ્તાવેજના પૃષ્ઠ:૧૧ પર જાહેર કરવામાં આવ્યું છે કે આદર્શ આચારસંહિતા વૈધાનિક (સ્ટૅચ્યૂટરી) નથી. હવે દેશમાં કાનૂની કે બંધારણીય જોગવાઈઓમાં પણ જ્યાં છટકબારીઓ શોધવાની વૃત્તિ-પ્રવૃત્તિ સવિશેષ હોય ત્યાં આ સ્વૈચ્છિક દસ્તાવેજનો અમલ કરવાની ભાવના પ્રબળ ના હોય એ સ્વાભાવિક છે. ભારતીય લોકશાહી હજુ યુનાઈટેડ કિંગ્ડમ (યુ.કે.) જેટલી પરિપક્વ થઈ નથી, જ્યાં વણલખ્યા બંધારણ છતાં પરંપરાઓને આધારે લોકશાહી મૂલ્યોનું જતન કરવાની ભાવના મજબૂત હોય. આચારસંહિતામાં જૂઠાણાં ફેલાવવાને પણ વર્જ્ય ગણાવ્યું છે, પણ કોઈ પક્ષ આમાં રાજા હરિશ્ચન્દ્ર સાબિત થાય તેમ નથી. આચારસંહિતાની જોગવાઈઓએ ફોજદારી ધારા કે અન્ય કાયદા હેઠળ પરોપજીવી જ બની રહેવાની.

- **એક જમાનામાં શેષને લાકડાની તલવારે રાજનેતાઓ અને અધિકારીઓ પર ભારે ધાક જમાવી હતી**
- **સ્વયં વડાપ્રધાન સૈનિકો અને શહીદોને નામે પ્રચાર કરતા હોય ત્યારે પંચ માટે પગલાં લેવાનું મુશ્કેલ**
- **દેશભરના નેવું કરોડ મતદારો માટે ચૂંટણી યોજવા માટે ૧ કરોડ જેટલા અધિકારી-કર્મચારીની જરૂર પડે**
- **આદર્શ આચારસંહિતાની જોગવાઈઓ એ ફોજદારી ધારા કે અન્ય કાયદા હેઠળ પરોપજીવી જ બની**

ચૂંટણી સ્ટાફ પર સરકારનું ચલણ

અત્યારના સંજોગોમાં બધાને દેશના મુખ્ય ચૂંટણી આયુક્ત ટી.એન.શેષનનું સ્મરણ થવું સ્વાભાવિક છે. બંધારણીય કે કાનૂની જોગવાઈઓ ના હોય છતાં શેષને લાકડાની તલવારે આચારસંહિતાના અમલ માટે ભારે ધાક બેસાડી હતી.જરૂર પડી ત્યારે સુપ્રીમ કૉર્ટે પણ ગયા. ચૂંટણી પંચે સરકારી મશીનરી પર જ અવલંબન રાખવું પડે ત્યારે કોઈના મળતિયા તરીકે કામ કરનારા આઈએએસ અધિકારીઓનો પણ શેષન વારો કાઢી લેતા એટલું જ નહીં, એ અમુક સનદી અધિકારીઓ માટે તો જાહેરમાં "કૉલગર્લ્સ" જેવો શબ્દપ્રયોગ કરતા હતા. ચૂંટણી પંચ પાસે કેવા અને કેટલા અધિકાર છે, એનો શેષને દેશને અનુભવ કરાવ્યો હતો. રાજનેતાઓ કે અધિકારીઓમાં એમની ભારે ધાક હતી. સંસદની દિનેશ ગોસ્વામી સમિતિએ ૧૯૯૧માં અહેવાલ આપીને લોક પ્રતિનિધિ ધારામાં ૧૧ બાબતોને આમેજ કરવાની ભલામણો કરી હતી. આચારસંહિતાને બંધારણીય સ્વરૂપ આપવાનો એનો આગ્રહ હતો. કૉંગ્રેસી વડાપ્રધાન પી.વી.નરસિંહ રાવના શાસનકાળમાં આ તમામ બાબતોને આમેજ કરીને રાજ્યસભામાં વિધેયક રજૂ પણ કરાયું,, પણ ચમત્કારિક રીતે ૧૯૯૪માં એની માંડવાળ કરવામાં આવી હતી. ચૂંટણી પંચ પાસે પોતીકો સ્ટાફ જૂજ છે અને દેશભરમાં નેવું કરોડ મતદારો માટે ચૂંટણી યોજવા માટે ૧ કરોડ જેટલા અધિકારી-કર્મચારીની જરૂર પડે. બંધારણે કેન્દ્ર અને રાજ્ય સરકારોને આ માટે પોતાના અધિકારી-કર્મચારી ચૂંટણી પંચને હવાલે મૂકવાની જોગવાઈ કરેલી છે. જોકે આઈએએસ કે આઈપીએસ અધિકારીઓ પર તો કેન્દ્ર સરકાર અને બાકીના નીચલા અધિકારી-કર્મચારીઓ પર રાજ્ય સરકારનો પ્રભાવ રહે. તેમના ખાનગી અહેવાલ (સીઆર) લખવા કે બઢતી કે બદલીની સત્તા સંબંધિત સરકારો પાસે હોય છે.એવા સંજોગોમાં ચૂંટણીના ગાળા પૂરતી એમની વફાદારી ભલે ચૂંટણી પંચ ભણી બતાવાતી હોય; અંતે એમનાં હિતના નિર્ણય તો ચૂંટણી પંચને અધીન નથી, એ સ્પષ્ટ છે. ચૂંટણી પંચ પાસે આવા અધિકારીઓ કે કર્મચારીઓને દંડિત કરવાની કે સરપાવ આપવાની સત્તા પણ નથી. માત્ર ભલામણથી વિશેષ કશું કરવાની સ્થિતિમાં ચૂંટણી પંચ નથી.

અનુસંધાન પાના નં ૭ પર